# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2025** **Midday : 2.30 to 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KUTCH BOREWELL INCIDENT

કચ્છના ભુજમાં આવેલા કંઢેરાઈ ગામમાં બોરવેલમાં ફસાયેલી એક મહિલાને બચાવવાની કામગીરી ચાલી રહી છે. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ગઈકાલે મોડી રાત્રે યુવતીને બહાર કાઢતા સમયે વાયરનું હૂંક તૂટી જતાં વિલંબ બાદ ફરી બચાવકાર્ય શરૂ કરાયું છે. હાલમાં મહિલા 100 ફૂટ દૂર હોવાના અહેવાલ છે. કેન્દ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRF, આર્મી, અગ્નિશામક દળ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે.

આ અંગે પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ માહિતી આપી હતી.

(બાઈટઃ- વિકાસ સુંડા, પોલીસ વડા, પશ્ચિમ કચ્છ)

. . . . . . . . . . . . . .

# SURAT BLAST

**સુરતમાં એક મકાનમાં ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટ થતાં 6 લોકો દાઝી ગયા છે. સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, પુણાગામ વિસ્તારની રાધાકૃષ્ણ સોસાયટીમાં એક મકાનમાં ગેસ સિલિન્ડરમાં લિકેજ થતાં વિસ્ફોટ થયો હતો, જેના કારણે છ લોકો દાઝી જતાં તમામને સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. છમાંથી ત્રણ લોકોની હાલત ગંભીર હોવાનું જણાયું છે.**

. . . . . . . . . . . . . .

# KHARIF VAVETAR

રાજ્યના ખેડૂતોએ આ મોસમમાં અત્યાર સુધી 47 લાખ 55 હજાર હેક્ટર વિસ્તારમાં રવી પાકનું વાવેતર કર્યું છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં સૌથી વધુ 13 લાખ 42 હજાર હેક્ટરમાં વિક્રમજનક ઘઉં પાકનું વાવેતર થયું છે, જે ગત વર્ષની સરખામણીએ 109 ટકા જેટલું છે. જ્યારે ચણાનું 8 લાખ 39 હજાર હેક્ટરમાં, જીરાંનું 4 લાખ 74 હજાર હેક્ટરમાં, રાઈનું 2 લાખ 57 હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. રાજ્યમાં હજી પણ રવી પાકનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંભાવના છે એમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રવર્તમાન રવી મોસમ દરમિયાન 92 હજાર હેક્ટરમાં ડુંગળી અને એક લાખ 56 હજાર હેક્ટરમાં બટેકાનું વાવેતર થયું છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR TB MUKT BHARAT

ગાંધીનગરનાં મેયર મીરાં પટેલના હસ્તે આજે ક્ષયના 20 દર્દીઓને પોષણ કિટનું વિતરણ કરાયું હતું. ગાંધીનગરમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત 20 હજાર 180 નાગરિકોની તપાસ કરવામાં આવી છે. દરમિયાન 106 લોકોના ટીબીનું નિદાન પોઝિટિવ આવ્યું છે. આ અંગે ગાંધીનગરનાં મેયર મીરાં પટેલે માહિતી આપી હતી.

(બાઈટઃ મીરાં પટેલ, મેયર, ગાંધીનગર)

. . . . . . . . . . . . .

# LOKARPAN

ખેડા જિલ્લાના વસો ગામ ખાતે શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં સરસ્વતી વિદ્યાલય નવીન શાળા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે શ્રી ડિંડોરે વિદ્યાર્થીઓમાં કેળવણી સિંચન દ્વારા સમૂહ જીવનની ભાવના નિર્માણ કરવાની અપીલ કરી હતી. મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડોની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો.

. . . . . . . . . . . . . .

# MEHSANA- ELECTION TRAINING

મહેસાણા જિલ્લામાં આગામી સમયમાં 3 નગરપાલિકા અને 5 તાલુકા પંચાયતની ખાલી પડેલી 10 બેઠક માટે ચૂંટણી યોજાશે. દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી સહિત વહીવટી વિભાગની તૈયારીઓના ભાગરૂપે આજે કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

# ARVALLI VAHAN PRATIBANDH

અરવલ્લી જિલ્લામાં પસાર થતાં રાજ્ય રાજમાર્ગ પર ભારે વાહનોની અવરજવર પર ચાર ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ લગાવાયો છે. અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, વૈકલ્પિક વ્યવસ્થા માટે માર્ગને બદલી શામળાજીથી મોડાસા અને માલપુર-લુણાવાડા-ગોધરા થઈ વડોદરા જઈ શકાશે. આ પહેલા શામળાજીથી આવતા ભારે વાહનો, મોડાસાથી ધનસુરા અને બાયડ

તેમજ નડીયાદથી પસાર થતાં હતા. જોકે, વારંવાર અકસ્માત થવાના કારણે એક મહિના માટે જિલ્લા કલેક્ટરે પ્રાયોગિક ધોરણે જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામા મુજબ, સવારે આઠ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી ભારે વાહનો માલપુર, લુણાવાડા થઈ ગોધરાથી વડોદરા જઈ શકશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................